UK Government

NHS
Test and Trace

# સ્વૉબનો નમૂનો લો

## પગથિયાંવાર માર્ગદર્શિકા

**મદદની જરૂર છે?**
જો તમને આ ટેસ્ટ કિટ વિશે કોઈ પ્રશ્નો કે સમસ્યાઓ હોય, તો કૃપા કરીને કર્મચારી સભ્યને સચેત કરો.

**1**



તમારું ચહેરાનું આવરણ ઉતારો.

**તમારા મોઢાની અંદર જુઓ, અને ગળાની પાછળના ભાગમાં કાકડા આવેલા છે તે ભાગ શોધો.**

તમે મદદ માટે અરીસાનો ઉપયોગ કરી શકો છો.

તમારા કાકડા અથવા (જો કાઢી લેવામાં આવ્યા હોય તો) તે જ્યાં હોઈ શકે, ત્યાંથી તમારે તમારા સ્વૉબનો નમૂનો લેવાનો છે.

**2**



**હળવેથી ટિશ્યૂમાં તમારું નાક ખંખેરીને સાફ કરો.**

વાપરેલું ટિશ્યૂ આપવામાં આવેલા આરોગ્ય સંભાળને લગતા કચરાની ટોપલીમાં ફેંકી દો.

જેથી તમે નાકમાંથી વધારાની લીંટ (ચીકણું પ્રવાહી) બહાર કાઢી નાંખો.

**3**



**તમારા હાથ સાફ કરવા હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કરો.**

જેથી તમે ટેસ્ટ કિટને પ્રદૂષિત ન કરો.

**4**




તમારી સામે મૂકેલ સીલબંધ પૅકમાં એક સ્વૉબ મૂકેલો છે કે નહિ તે તપાસો.

તે સ્વૉબની એક બાજુએ કપડાની પોચી ટોચ ક્યાં છે તે શોધો.

**5**



**પૅકેજ ખોલો અને હળવેથી સ્વૉબ બહાર કાઢો.**

આ કાકડા અને નાક બંને માટે વાપરવામાં આવશે.

**અગત્યનું: સ્વૉબની કપડાની ટોચનો ભાગ તમારી જીભ, દાંત, ગાલ, પેઢાં કે બીજી કોઈ સપાટી પર અડવા ન દેશો.**

**જો સ્વૉબ આ ભાગને અડશે તો તે નકામો થઈ જશે અને તમારે નવો સ્વૉબ લેવો પડશે. જો આવું થાય તો સહાયતા મેળવવા માટે કર્મચારી સભ્યને કહો.**

**અગત્યનું: સ્વૉબ લેવાનું અગવડદાયક લાગે એવું બને. જો તમને સખત અડચણ કે દુખાવો થાય તો સ્વૉબ વધારે ઊંડો ઉતારશો નહિ.**

**જો સ્વૉબના નમૂના પર લોહી કે ઉલટી લાગે, તો કૃપા કરીને કર્મચારી સભ્યને સચેત કરો.**

**6**




સ્વૉબ તમારી આંગળીઓની વચ્ચે પકડીને, તમારું મોઢું એકદમ પહોળું ખોલો અને સ્વૉબની કપડાની ટોચનો ભાગ બંને કાકડા ઉપર (અથવા તે જ્યાં હોઈ શકે ત્યાં) ઘસો. ભારપૂર્વક સંપર્ક થાય **તેવી રીતે બંને બાજુએ આ 4 વખત કરો** (આ કરવામાં મદદ માટે અરીસાનો ઉપયોગ કરો).

સ્વૉબની સળી ધ્યાનપૂર્વક તમારા ગળાના પાછળના ભાગમાંથી બહાર કાઢી લો.

**7**




તે જ સ્વૉબ હળવેથી તમારા કોઈ એક નસકોરામાં જ્યાં સુધી તે અટકે નહિ ત્યાં સુધી નાંખો (નાકની અંદર લગભગ 2.5 સેમીથી 1 ઇંચ સુધી).

**સ્વૉબ ભારપૂર્વક પકડીને નસકોરાની અંદર આખો ગોળ ફેરવીને 10 વાર ઘસો** અને ધીમેથી બહાર કાઢી લો.

**અગત્યનું: નમૂનો લઈ લીધા પછી સ્વૉબ તમારા હાથમાં ઊભો પકડી રાખો, તે નીચે મૂકશો નહિ અને ટેસ્ટિંગ સહાયકમાંથી કોઈ એકને જણાવો.**

**સ્વૉબ કોઈ પણ સપાટીને અડે નહિ તેનું ધ્યાન રાખો.**

**તમારું ચહેરાનું આવરણ પહેરી લો.**

**હવે પછી શું કરવું તે માટે કર્મચારી સભ્યની સૂચના અનુસરો.**

**તમારો નમૂનો આપી દીધા પછી હેન્ડ સેનિટાઈઝર વાપરો.**

TC જાન્યુઆરી 2021